શું બ્રિગેડિયરની રેન્ક ખરેખર નાબૂદ થઈ શકશે?


આ જે અહીં જે વાત કરવી છે તેની શરૂઆત એક ફિલ્મના સંદર્ભ સાથે કરીએ. જેમણે ઋત્વિક રોશનની 'લક્ષ્ય' ફિલ્મ થોડી ધ્યાનથી જોઈ હશે તેમને કર્નલ દામલે (અમિતાભ બચ્ચન)ના ઉપરી અધિકારી તરીકે માત્ર થોડા સમય માટે દેખાયેલા બ્રિગેડિયર પૂરી (અમરીશ પુરી) યાદ હશે. જોકે આ પાત્રો કે તે ભજવનાર એક્ટર્સ સાથે આપણા હાલના વિષય પૂરતા કોઈ લેવાદેવા નથી. લશ્કરી દૃષ્ટિએ જ વાત કરવી છે તે આ બંને લશ્કરી પદો- અનુક્રમે કર્નલ અને બ્રિગેડિયરના સંદર્ભે કરવી છે. આ સંદર્ભે આ ફિલ્મ યાદ આવી એટલે તેનો ઉલ્લેખ કર્યો. જોકે અત્યારે ભારતીય લશ્કરમાં એવી સંભાવના ઊભી થઈ છે કે આવનારા સમયમાં બ્રિગેડિયરની રેન્ક ભૂતકાળ બની

જો આવું થયું તો 'લક્ષ્ય' ફિલ્મના બ્રિગેડિયર પૂરી જેમ હવે માત્ર યાદ બનીને રહ્યા છે તેમ બ્રિગેડિયરની રેન્ક પણ માત્ર યાદ બનીને રહી જશે

જાય. જો આવું થયું તો 'લક્ષ્ય' ફિલ્મના બ્રિગેડિયર પૂરી જેમ હવે માત્ર યાદ બનીને રહ્યા છે તેમ બ્રિગેડિયરની રેન્ક પણ માત્ર યાદ બનીને રહી જશે. જોકે આ તો હજી માત્ર પ્રસ્તાવ છે એટલે સૌના મનમાં એ પ્રશ્ન રમે છે કે શું ભારતીય લશ્કરમાંથી આ રેન્ક ખરેખર નાબૂદ થઈ જશે? ભારતીય લશ્કર વતી સંરક્ષણ મંત્રાલય તરફથી આ પ્રસ્તાવ કંઈ એમ ને એમ, અણધાર્યો કે અચાનક આવ્યો નથી. અત્યારે ચાલી રહેલી 8મા પગારપંચની લગભગ બીજા તબક્કાની પ્રક્રિયામાં આ પ્રસ્તાવનાં મૂળિયાં પડ્યાં છે.

લગભગ 2025ના અંતભાગમાં જેનું ગઠન થયું હતું એવા 8મા પગારપંચની હાલ ચાલી રહેલી બીજા તબક્કાની કામગીરીમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોના વિવિધ વિભાગો પાસેથી વૈવિધ્યપૂર્ણ પ્રસ્તાવો મંગાવવામાં આવી રહ્યા છે. એમાં ડિફેન્સ મિનિસ્ટ્રી તરફથી આ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. હવે આ પ્રસ્તાવ મંજૂર થશે કે કેમ એ તો સમય કહેશે, પણ અહીં આ પ્રસ્તાવ જરા વિગતે સમજવા જેવો છે. સીધેસીધા એ પ્રસ્તાવની વાત કરીએ એ પહેલાં ઈન્ડિયન આર્મીના રેન્ક સ્ટ્રક્ચરને સમજીએ. ઈન્ડિયન આર્મી ભારતીય લશ્કરનો એક હિસ્સો છે અને ભારતીય લશ્કરનું રેન્ક સ્ટ્રક્ચર નીચેથી ઉપર તરફ જતાં પિરામિડ જેવા આકારનું છે. આમાં પરીક્ષા આપીને અને તાલીમ પામીને આર્મીમાં આવતા ઉમેદવારની કારકિર્દી લેફ્ટનન્ટ તરીકે શરૂ થાય છે. (અગાઉ સેકન્ડ લેફ્ટનન્ટ તરીકે શરૂ થતી હતી, પણ એ રેન્ક પણ ઘણા સમય અગાઉ રદ થઈ ગઈ છે.) એ પછી અનુભવનાં વર્ષોની સંખ્યાના આધારે સમયાંતરે બઢતી પામીને કેપ્ટન, મેજર, લેફ્ટનન્ટ કર્નલ, કર્નલ, બ્રિગેડિયર, મેજર જનરલ અને એ પછીની વધુ ઉચ્ચ સ્તરની રેન્ક સુધી પહોંચે છે. અહીં બધી રેન્કોની યાદી કરવી નથી. હાલની ચર્ચાના સંદર્ભે આટલી રેન્ક જ કામની છે. એટલે હવે જો આ પ્રસ્તાવ મંજૂર થાય તો એક કર્નલ કક્ષાનો અધિકારી પ્રમોશન પામીને સીધો મેજર જનરલની રેન્ક પર પહોંચે.

8મા પગારપંચ સમક્ષ આ પ્રસ્તાવ રજૂ થયો છે એટલે પગારની દૃષ્ટિએ જોઈએ તો પે સ્કેલની રીતે મેજર જનરલ એ લેફ્ટનન્ટથી 14મા ક્રમની (લેવલ-14) રેન્ક છે અને ત્યાં પહોંચવામાં એક લશ્કરી અધિકારીની કારકિર્દીનાં 32થી 33 વર્ષ પસાર થઈ જાય છે. એવું માનનારો એક મોટો વર્ગ છે કે આ પિરામિડ સ્ટ્રક્ચરમાં મોટાભાગના લશ્કરી અધિકારીઓ તો લેફ્ટનન્ટ કર્નલની રેન્કમાં જ લાંબા સમય સુધી અટવાઈ જાય છે. આ ઉપરાંત આ રેન્ક સ્ટ્રક્ચર અંગે એક જાણીતા અખબારમાં તાજેતરમાં પ્રગટ થયેલા અહેવાલમાંની આંકડાકીય માહિતીને સાચી માનીએ તો હાલમાં ઈન્ડિયન આર્મીમાં 86 ટકા લશ્કરી અધિકારીઓ





લેફ્ટનન્ટ કર્નલ કે તેનાથી નીચેની રેન્કમાં કાર્યરત છે, કર્નલ રેન્કના અધિકારીઓ 10.5 ટકા, બ્રિગેડિયર રેન્કના અધિકારીઓ 2.5 ટકા, મેજર જનરલ કક્ષાના અધિકારીઓ માત્ર 0.8 ટકા અને એનાથી પણ ઉપરની વહીવટી ગણાતી રેન્કના અધિકારીઓ પણ માત્ર 1 ટકા જેટલા છે.

હવે આમાં બ્રિગેડિયરની રેન્કને નાબૂદ કરવાના પ્રસ્તાવમાં તે માટેના એક મહત્ત્વપૂર્ણ કારણ તરીકે ભારતીય લશ્કરની પ્રમોશન પ્રક્રિયાને ઝડપી બનાવવાની દલીલ મૂકવામાં આવી છે. વધુ એક મહત્ત્વના કારણ તરીકે સિવિલ સર્વિસના સ્ટ્રક્ચર સાથે મિલિટરી સ્ટ્રક્ચરનું સંતુલન પ્રસ્થાપિત કરીને તેને જાળવવાની દલીલ મૂકવામાં આવી છે. સિવિલ સર્વિસીઝનું સ્ટ્રક્ચર પણ ટૂંકમાં સમજીએ તો એક મિલિટરી ઓફિસર જે રેન્કમાં 32-33 વર્ષ પછી પહોંચે છે તે જ રેન્કમાં IAS, IPS અને IFS જેવી સિવિલ સર્વિસીઝનો અધિકારી 16-17 વર્ષમાં પહોંચે છે. આ અસમાનતા દૂર કરવાનો મુખ્ય હેતુ હોવાનું આ પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે. જોકે આ પ્રસ્તાવ અગાઉ 2018માં રજૂ થઈ ચૂક્યો છે, છતાં તે સમયે પણ તેના પર કોઈ ઠોસ નિર્ણય લેવાયો નહોતો. એ ઉપરાંત જો આ પ્રસ્તાવ મંજૂર થઈને અમલી બને તો તેની અસર ઈન્ડિયન આર્મી ઉપરાંત નેવી અને એરફોર્સ પર પણ પડે તેમ છે. ઈન્ડિયન નેવી અને ઈન્ડિયન એરફોર્સમાં પણ આર્મી બ્રિગેડિયરને સમકક્ષ એવી અનુક્રમે કમોડોર અને એર કમોડોરની રેન્ક પણ નાબૂદ કરવી પડે તેમ છે. એ ઉપરાંત બ્રિગેડિયરની રેન્ક નાબૂદ કરવાના આ પ્રસ્તાવમાં આપેલાં અન્ય બે કારણોમાં એક, લશ્કરમાં સિનિયર લશ્કરી અધિકારીઓની વયમર્યાદા ઘટાડીને પ્રમાણમાં નાની વયના લશ્કરી અધિકારીઓને સિનિયર મિલિટરી રેન્કમાં પહોંચાડવાનો હેતુ તેમજ બે, આજના સમયમાં યુદ્ધનું બદલાયેલું સ્વરૂપ અને તેના કારણે ઓલરેડી કાર્યરત થઈ ગયેલાં મેજર જનરલ રેન્કના લશ્કરી અધિકારીઓની આગેવાની હેઠળનાં તેમજ સંખ્યાબળની દૃષ્ટિએ કદમાં બ્રિગેડથી વધુ મોટાં અને અસરકારકતાની દૃષ્ટિએ પણ બ્રિગેડથી વધુ ઘાતક કહેવાતાં ઈન્ટિગ્રેટેડ બૅટલ ગ્રૂપ્સ (Integrated Battle Groups- IBGs)ને વર્તમાન સમયની વ્યૂહાત્મક જરૂરિયાત મુજબ વધુ મજબૂત કરવા પર વધુ ભાર મૂકાયો છે. આ ઉપરાંત જો આ પ્રસ્તાવ મંજૂર થાય તો અન્ય બે મહત્ત્વના બદલાવ એ પણ આવે કે એક મેજર જનરલના કમાન્ડમાં મિલિટરી ડિવિઝન ઉપરાંત મિલિટરી બ્રિગેડ પણ આવે. આ જ મિલિટરી બ્રિગેડ અત્યારે બ્રિગેડિયર રેન્કના લશ્કરી અધિકારીના કમાન્ડમાં રહે છે. અહીં બહુ ટૂંકમાં એ પણ નોંધીએ કે જાપાન, રશિયા, ચીન અને કેટલાક યુરોપિયન દેશોના લશ્કરમાં પણ બ્રિગેડિયરની રેન્ક નથી. એ સાથે આ પ્રસ્તાવિત પરિવર્તન સાથે હાલ સેવારત લશ્કરી અધિકારીઓ માટે સેવાનિવૃત્તિ માટેની લઘુતમ રેન્ક પણ મેજર જનરલની રેન્ક થઈ જાય.

ટૂંકમાં બ્રિગેડિયરની રેન્ક નાબૂદ કરવાનો આ પ્રસ્તાવ માત્ર પ્રસ્તાવ નહીં, બલકે આપણા લશ્કરી માળખામાં ધરખમ પરિવર્તન માટેનું સંભવિત આરંભબિંદુ છે. પરંતુ અહીં જ અગાઉ ઘણીવાર વાત કરી છે તે મુજબ લશ્કરી માળખામાં આવું ધરખમ પરિવર્તન કરવું આસાન હોતું નથી. એટલે આ પ્રસ્તાવ મંજૂર થાય કે નામંજૂર, તેમજ એ બંને પરિસ્થિતિમાં એના પછીનો આખો ઘટનાક્રમ કેવો રહે છે તે જોવું રસપ્રદ બની રહેશે એ સ્પષ્ટ છે.


બોર્ડર
કેપ્ટન શૂરવીર સિંહ

'રામાયણ'ની આવકના આંકડાની માયાજાળ: હકીકત કે બોક્સ ઓફિસની રમત?

ભારતીય સિનેમામાં જ્યારે કોઈ મહાકાવ્ય પર ફિલ્મ બને છે ત્યારે તેના આંકડા પણ પૌરાણિક કથાઓ જેટલા વિરાટ અને ક્યારેક થોડા ભ્રમિત કરનારા હોય છે. નીતેશ તિવારી નિર્દેશિત 'રામાયણ'ની કમાણીને લઈને ચાલી રહેલી ચર્ચાઓમાં આવું જ કંઈક જોવા મળી રહ્યું છે. સોશિયલ મીડિયાના સરવાળા અને બિઝનેસના વાસ્તવિક હિસાબ વચ્ચે મોટો તફાવત છે. ફિલ્મની કમાણીની ઝડપ જોતાં એ સ્પષ્ટ થાય છે કે પ્રેક્ષકોનો ઉત્સાહ માત્ર શરૂઆતના દિવસો પૂરતો સીમિત નથી. 11 દિવસના આંકડા મુજબ બીજા વીકએન્ડમાં પણ ફિલ્મે શાનદાર ઉછાળો નોંધાવ્યો હતો અને વર્લ્ડવાઈડ આંકડો રૂ. 1384 કરોડ સુધી પહોંચ્યો હતો. વીકએન્ડમાં ટિકિટબારી પર ભીડ ઉમટવી એ સારા સંકેત છે, પરંતુ સિનેમાના અર્થશાસ્ત્રમાં અસલી કસોટી સોમવારથી ગુરુવારના કામકાજના દિવસોમાં થાય છે. વીકએન્ડનો તહેવારી માહોલ અને કામકાજના દિવસોની સ્થિરતા એ બંને વચ્ચેનો તાલમેલ જ ફિલ્મની લાંબી રેસ નક્કી કરે છે.

સોશિયલ મીડિયા પર ફરતી વાતો અને અંદાજિત ડીલ્સને જોડીને રૂ. 2500 કરોડ જેવો ભવ્ય આંકડો ઊભો કરવામાં આવ્યો છે. મ્યુઝિક રાઇટ્સ, OTT/ડિજિટલ રાઇટ્સ, પ્રાદેશિક અને હિન્દી રાઇટ્સ તેમજ માર્કેટિંગ ડીલ્સ મળીને અંદાજે રૂ. 1100 કરોડની વાતો થાય છે અને તેમાં બોક્સ ઓફિસ કલેક્શન ઉમેરી દેતાં આંકડો રૂ. 2500 કરોડની આસપાસ પહોંચે છે. પરંતુ અહીં તટસ્થ બુદ્ધિથી સમજવા જેવી વાત એ છે કે સરવાળો કરવો સહેલો છે, પણ દરેક રૂપિયો નિર્માતાના ખિસ્સામાં નથી જતો. થિયેટર માલિકો અને વિતરકોનો હિસ્સો બાદ કર્યા પછી જ નિર્માતા પાસે અંતિમ રકમ આવે છે. જાહેર થયેલા ઘણા ડીલ્સના આંકડા બિનસત્તાવાર અંદાજ છે અને તેમાં પ્રચાર-પ્રસારના ખર્ચ પણ જોડાયેલા હોઈ શકે છે. બંને ભાગના જંગી ખર્ચની ચર્ચાઓ વચ્ચે રામ ગોપાલ વર્માએ પહેલા ભાગનો ખર્ચ ટેક્સ બેનિફિટ્સ, સબસિડી અને બે ભાગના VFXને કારણે રૂ. 800 કરોડથી થોડો ઓછો હોવાનો દાવો કર્યો છે. સત્તાવાર હિસાબ વગર કોઈ પણ દાવાને અંતિમ સત્ય માનવું ઉતાવળભર્યું ગણાય. હજુ ચીન, રશિયા, જાપાન અને સાઉથ કોરિયામાં રિલીઝની યોજના છે. સાથે જ દિગ્દર્શક નીતેશ તિવારીની 'દંગલ'ની ચીનમાં થયેલી રૂ. 1300 કરોડની ઐતિહાસિક કમાણીનો સંદર્ભ અપાય છે. એક રસપ્રદ તફાવત સમજવો જરૂરી છે. 'દંગલ'ની પારિવારિક-રમતગમતની ભાવના અને ચીનના પ્રેક્ષકોનો પ્રતિસાદ અલગ હતો, જ્યારે 'રામાયણ' એક પૌરાણિક મહાકાવ્ય છે. દરેક બજારનો સ્વાદ અલગ હોય છે, તેથી જૂની સફળતાની નકલ થશે જ એવું માની લેવાને બદલે નવા બજારના પ્રતિસાદની રાહ જોવી વધુ વાસ્તવિક છે. 'રામાયણ'ની કમાણીના આંકડા હાલ મોટા અને આકર્ષક ચોક્કસ છે, પરંતુ વાયરલ આંકડાઓની ચમકમાં ખોવાઈ જવાને બદલે ગ્રોસ, નેટ, વિતરકોનો હિસ્સો, ખર્ચ અને આંતરરાષ્ટ્રીય બજારની વાસ્તવિકતા આ બધાને અલગ-અલગ ખાનામાં રાખીને જોઈએ તો જ ચિત્ર સ્પષ્ટ દેખાય છે. આંકડાઓની માયાજાળ કરતાં ફિલ્મનો ટકાઉ પ્રવાસ અને વાસ્તવિક વળતર જ અંતે સૌથી મહત્ત્વનું રહે છે.

ફિલ્મ 'રામાયણ'ની રજૂઆત પછી આવકની



જેમ જો કોઈ વાતની સૌથી વધુ ચર્ચા અને વિવાદ હોય તો રાવણનું 'ગ્લોરિફિકેશન' છે. સિનેમાના પડદા પર જ્યારે કોઈ ખલનાયક અતિ પ્રભાવશાળી, બુદ્ધિશાળી અને 'લાર્જર ધેન લાઇફ' દેખાય છે ત્યારે તરત જ એક ચર્ચા શરૂ થાય છે કે શું આ ખલનાયકનું 'ગ્લોરિફિકેશન' છે કે પછી વાર્તાને મજબૂત બનાવવાની કળા? 'રામાયણ'માં યશના 'રાવણ'ની રજૂઆતને લઈને ઉઠેલા પ્રશ્નો અને તેના વિવિધ પાસાઓ પર વિચારો રજૂ થઈ રહ્યા છે. થેનોસ, જોકર અને ભલ્લાલદેવ જેવા પાત્રોનાં ઉદાહરણ દ્વારા એક મહત્ત્વનો તફાવત સમજાવવામાં આવ્યો છે. થેનોસના સંવાદો કે પ્રવેશ પર તાળીઓ પડે તેનો અર્થ એ નથી કે પ્રેક્ષકો અડધી દુનિયાના વિનાશને સમર્થન આપે છે. જોકર ખતરનાક અને રસપ્રદ બને ત્યારે જ બેટમેનના સિદ્ધાંતોની કસોટી વધુ અસરકારક બને છે અને ભલ્લાલદેવ જેટલો શક્તિશાળી હોય તેટલો જ નાયકને પડકાર આપવામાં રસ જાગે છે. આ જ તર્ક રાવણને પણ લાગુ પડે છે. રાવણ વિદ્વાન, શક્તિશાળી અને શિવભક્ત હતો, પરંતુ તેનો અહંકાર અને ગેરરીતિઓ જ તેની નબળાઈ હતી. ફિલ્મમાં જો રાવણની બેકસ્ટોરી કે તેના સમુદાયના સંઘર્ષને બતાવવામાં આવે તો તે તેના પાત્રની પૃષ્ઠભૂમિ સમજવા પૂરતું હોઈ શકે. પરંતુ કોઈ પાત્રનો દૃષ્ટિકોણ સમજવો અને તેના દરેક કૃત્યને સાચું ઠેરવવું એ બંને વચ્ચે સ્પષ્ટ ભેદરેખા છે. જો રાવણની પૃષ્ઠભૂમિ પર ખાસ્સો સમય ફાળવવામાં આવ્યો હોય અને શ્રી રામના સંબંધો કે ભાવનાત્મક યાત્રાને પૂરતો અવકાશ ન મળ્યો હોવાની લાગણી થાય તો તે મુદ્દાને અવગણી શકાય નહીં.

કાલ્પનિક સુપરહીરો ફિલ્મો અને કરોડો લોકોની આસ્થા સાથે જોડાયેલી 'રામાયણ' વચ્ચે ફરક છે. તેથી સર્જકોની જવાબદારી પણ વધુ રહે છે કે શક્તિશાળી પ્રસ્તુતિના ચક્કરમાં ખોટાં કાર્યોનું સમર્થન થતું ન દેખાય. ખલનાયકને 'મોટો' બતાવવો અને ખલનાયકને 'સાચો' બતાવવો, આ બંને વચ્ચે જ વાર્તાકથનની અસલી કસોટી છુપાયેલી છે. પાત્રની તાકાત અને તેના અહંકારનાં પરિણામોને ફિલ્મ આગળના ભાગમાં કેવી રીતે સંભાળે છે તેના પર જ આ આખી ચર્ચાનો અંતિમ ચુકાદો ટકેલો રહેશે.

ફિલ્મોગ્રાફ
રાકેશ ઠક્કર

જોકર ખતરનાક અને રસપ્રદ બને ત્યારે જ બેટમેનના સિદ્ધાંતોની કસોટી વધુ અસરકારક બને છે અને ભલ્લાલદેવ જેટલો શક્તિશાળી હોય તેટલો જ નાયકને પડકાર આપવામાં રસ જાગે છે


ઓટોગ્રાફ!

ફિલ્મ 'માતૃભૂમિ'ના ટ્રેલરમાં સલમાન લડાઈ રોકવાની સલાહ આપે છે, પણ 4 ડિસેમ્બરે થિયેટરની બહાર શ્રદ્ધાની 'ઈઠા' સામે કલેક્શનની લડાઈ રોકવી મુશ્કેલ લાગે છે!

ગરીબીને કારણે બધાં ધાડપાડુ બની જતાં નથી!

નવસારીમાં પહેલી લૂંટ ક્યારે થઈ હતી તે યાદ નથી, પણ ઘવાયેલાઓને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા ત્યારે અમે ત્યાં હાજર હતા. એક ભૂખ્યો માણસ બીજા ભૂખ્યા માણસના શા હાલ કરે છે તેનો જવાબ લોહી નીંગળતા ચહેરામાંથી ટીપે ટીપે ટપકતો હતો. અમારી સાથે એક-બે મિત્રો હતા. એકે કહ્યું: "ભૂખમરો કે ગરીબી સાચું કારણ નથી. આ લોકોનાં હાડકાં હરામ થઈ ગયાં છે. બાકી દેશમાં કરોડો ગરીબો વસે છે. તે બધાં સખત મહેનત કરે છે અને ઈજ્જતની રોટી કમાઈને પરિવારનું પૂરું કરે છે. તેઓ બધાં કંઈ ધાડપાડુ બની જતાં નથી!" મિત્રની

પ્રત્યેક ક્ષેત્રે વકરેલી ભ્રષ્ટાચારી સમાજવ્યવસ્થા, રાજકારણીઓનો ખર્ચાળ વહીવટ, વધતી જતી મોંઘવારી, ગરીબી, બેકારી, ભૂખમરો અને એટલું ઓછું હોય તેમ કાયદો અને વ્યવસ્થાની ખાડે ગયેલી સ્થિતિ!



વાતમાં તથ્ય હતું. જોકે, છતાં એમ કહેવું જ વધુ સાચું લેખાશે કે હરામ હાડકાં એ ધાડપાડુ બનવાનાં ઘણાં કારણોમાંનું એક કારણ છે- એકમાત્ર કારણ નથી. સમાજમાં દિનપ્રતિદિન વધતી જતી આર્થિક અસમાનતામાંથી ચડ્ડીબનિયનવાળાનો જન્મ થયો છે. તમે કદી એવું સાંભળ્યું છે કે કોઈ મોટરગાડીમાં મહાલતો શેઠિયો ગમ્મત ખાતર ધાડપાડુ બન્યો હોય? ઘરમાં ગોદરેજનું ફ્રિજ વસાવવા કોઈ બહારવટે ચઢે ખરું? જુહુના દરિયાકિનારે મારો એક મજાનો આલીશાન બંગલો હોય એવું સ્વપ્ન ચડ્ડીબનિયનધારી કદી સેવતા નથી. તેમના અરમાનોના લિસ્ટમાં કલર ટીવી, મોબાઈલ કે મારુતિનો સમાવેશ થતો નથી. તેમને મલાઈ કોફ્તા, કાશ્મીરી પુલાવ કે શાહી કબાબનીય તમા નથી. તેમને તો પેટનો ખાડો પૂરવા થોડી દાલ-રોટી અને તન ઢાંકવા થોડાં કપડાં મળી રહે એ જ તેમનો કર્મલક્ષ્યાંક! અમને ખાતરી છે કે લૂંટના પૈસામાંથી તેઓ યુનિટ ટ્રસ્ટના શેર નહીં, ઘઉં, ચોખા અને જુવાર જ ખરીદતા હશે!

ચડ્ડીબનિયનધારીની પેદાશ માટે એક નહીં, અનેક કારણો ભાગ ભજવે છે. પ્રત્યેક ક્ષેત્રે વકરેલી ભ્રષ્ટાચારી સમાજવ્યવસ્થા, રાજકારણીઓનો ખર્ચાળ વહીવટ, વધતી જતી મોંઘવારી, ગરીબી, બેકારી, ભૂખમરો અને એટલું ઓછું હોય તેમ કાયદો અને વ્યવસ્થાની ખાડે ગયેલી સ્થિતિ! આવાં અનેક કારણોસર ધાડપાડુઓના વિકાસના સંજોગો ઉજળા છે. તેઓ આજે પાંચ-દસની સંખ્યામાં આવે છે. ભવિષ્યમાં વિવિધ રાજકીય પક્ષો આપસમાં ગઠબંધન કરી ચૂંટણી લડે છે તેમ એ લોકોનાં જુદાં જુદાં ગ્રૂપો એક થઈ જશે. પછી તેઓ બસો-ત્રણસોની ટોળીમાં ત્રાટકશે. બચુભાઈ કહે છે-વખત જતાં તેમની સંખ્યા પણ લોકસભાના સભ્યો જેટલી જ હશે. (સમાંતર સંખ્યાબળ!) આમ જ ચાલ્યું તો ભવિષ્યમાં કવિશ્રી ઉમાશંકરની દહેશત સાચી પડશે: "ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરોની ભસ્મકણી ન લાધશે!"

આજે એક જુદા જ વિષય પર લખવા વિચાર્યું હતું. અમારા ઘરની પાછળના આંબાવાડિયામાં બહુ દહાડે એક કોયલ ટહૂકી અને મન એવું મહોરી ઊઠ્યું કે અમે ટહુકે ટહુકે પીગળ્યા. પણ ત્યાં જ નવસારીમાં બીજી ધાડના સમાચાર મળ્યા. ને ગરમ તવા પર પાણીના છાંટા પડતાંવેંત છણછણીને વરાળ બની જાય તેમ ટહુકા વરાળ બની ઊડી ગયા અને અમે કોયલના ટહુકા કરતાં ઘાયલના ડૂંસકાને ટૉપ પ્રાયોરિટી આપી.

પ્રશ્ન થાય છે, શું ધાડને કોઈ રીતે અટકાવી ન શકાય? કહેવા ખાતર કહેવું હોય તો આ પ્રશ્નનો જવાબ સહેલો છે. કોઈને ધાડપાડુ જ ન રહેવા દઈએ તો ધાડ અવશ્ય મિટાવી શકાય. ન રહેગા બાંસ, ન બજેગી બાંસુરી! પણ વસ્તી વિસ્ફોટથી ફાટફાટ થઈ રહેલા આ દેશના પ્રત્યેક માનવીને રોટી, કપડાં અને મકાન ક્યાંથી આપી શકાય? ડબલ ગ્રેજ્યુએટો પણ આજે નોકરી માટે ચંપલ ઘસી નાખે છે; ત્યાં પ્રત્યેકને રોટી અને રોજગાર ઉપલબ્ધ કરાવવાનું કામ ગોખરુ ગળવા જેવું મુશ્કેલ છે. એવા પ્રતિકૂળ સંજોગોમાં બધી રીતે ત્રાસેલા ગરીબ લોકો માટે ચોરી-લૂંટફાટ એ હાથવગો ઉપાય છે. બચુભાઈ કહે છે: "ગરીબી અને ધાડ વચ્ચે કબજિયાત અને હરડે જેવો સંબંધ છે! સૌને સરળતાથી દાલ-રોટી મળી રહેતી હોય તો કોઈને લૂંટારા બનવાની અબળખા થાય ખરી?"

એક બીજો મુદ્દોય ચર્ચા યોગ્ય છે. આપણે ચડ્ડીબનિયનનો હાહાકાર વાંચી વલવલી ઊઠીએ છીએ. કદાચ વધુ ઉગ્ર બનીએ તો પોલીસતંત્રને ભાંડીને આપણાં કર્તવ્યની ઇતિશ્રી કરીએ છીએ. આપણે ત્યાં ગામમાં ભજનમંડળીઓ હોય છે. તેઓ મોડી રાત સુધી ભજનો ગાય છે. મંદિર સમિતિઓ હોય છે, જે મંદિર બાંધવા માટે ફાળો એકત્ર કરે છે. ગણેશોત્સવ કે નવરાત્રિ ઉત્સવના તો આખેઆખા મંડળો હોય છે. પણ ક્યાંય સુરક્ષા સમિતિ હોવાનું સાંભળ્યું નથી. ધાડ પડે છે ત્યારે આપણી પાસે થોડાક આઘાત, થોડાંક ડૂસકાં અને શેર-પાશેર સહાનુભૂતિ સિવાય ઝાઝું કશું હોતું નથી. ધાડ પડે છે ત્યારે પોલીસોને ગાળ પડે છે. પરંતુ મહત્ત્વનો સવાલ એ છે કે જ્યાં ઘડિયાળના સેકન્ડ કાંટાની ઝડપે વસ્તી વધી રહી હોય ત્યાં પાંચ-પચ્ચીસ પોલીસો પ્રત્યેક ઘરને શી રીતે રક્ષણ પૂરું પાડી શકે? ક્યારે કોના હિરોશિમા પર બોમ્બ પડશે તેનો પોલીસને શી રીતે અંદાજ આવી શકે? ગુનો કરીને અફાટ લોકવસ્તીમાં અદૃશ્ય થઈ જતા ગુનેગારોને પકડવાનું કામ દરિયામાં રાઈના દસ દાણા ફેંકી તેને પુનઃ હથેળીમાં હાજર કરવા જેટલું કઠિન છે!

કેટલાક લોકો પોતાના કમ્પાઉન્ડમાં બકરી ઘૂસી જાય તેમાંય પોલીસતંત્ર નિષ્ફળ ગયું એવો આક્ષેપ કરે છે. બધી વખતે પોલીસે જ આપણું રક્ષણ કરવું જોઈએ એવી અપેક્ષા ઉચિત નથી. આપણે જ આપણી સુરક્ષા વિશે વિચારવું પડશે. મેઈન રોડ પર રૂપિયો પડ્યો હોય તે જે ઝડપથી કોઈના ખિસ્સામાં જઈ પડે છે તે ઝડપે હવે ચોરી થવા લાગી છે.

જીવન સરિતાને તીરે
દિનેશ પાંચાલ

ધૂપછાંવ

આપણાં ઘરોમાં કડી સુરક્ષાવ્યવસ્થા હોતી નથી. આશ્ચર્ય એ વાતનું છે કે આપણને સુરક્ષા વિશે વિચારવાનું આજપર્યંત જરૂરી નથી લાગ્યું. આપણો ભવ્ય આધ્યાત્મવાદ આપણને અહર્નિશ એવી તસલ્લી આપતો રહ્યો છે: 'જેને રામ રાખે તેને કોણ ચાખે?' પણ હવે તો રામના માથા પરનો મુગટ પણ સલામત નથી રહ્યો. તે સંજોગોમાં આપણે આપણી સુરક્ષાની જવાબદારી રામના માથેથી ઉપાડી આપણા શિરે જ લેવી રહી.